

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મિનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-01■ તા. 12-01-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# એપલ દ્વારા છેલ્લા દસ વર્ષમાં કોઈ નવી વસ્તુ ઇનવેન્ટ કરવામાં નથી આવી: માર્ક ઝકરબર્ગ



મેટા કંપનીના ઝઈ માર્ક ઝકરબર્ગનું કહેવું છે કે એપલ દ્વારા છેલ્લા ઘણાં સમયથી કોઈ શ્રેષ્ઠ વસ્તુ ઈનવેન્ટ કરવામાં નથી આવી. એપલ કંપનીમાં આઈફોનની શોધ સ્ટીવ જોબ્સ દ્વારા કરવામાં આવી હતી અને ત્યારથી લઈને અત્યાર સુધી એપલ દ્વારા કોઈ ખાસ મેજર ઈનવેન્શન કરવામાં નથી આવ્યું. આઈફોનની શોધ થઈને પણ બે દાયકા ઉપર થઈ ગયા છે અને થોડા જ વર્ષમાં ત્રણ દાયકા પૂરા થશે.માર્ક ઝકરબર્ગ દ્વારા એક પોડકાસ્ટમાં હાજરી આપવામાં આવી હતી જેને હોસ્ટ જો રોગન દ્વારા કરવામાં આવે છે. આ દરમ્યાન જો રોગને વાત કરી હતી કે તેણે હવે એપલમાંથી એન્ડ્રોઈડમાં આવવું છે. એક જ કંપનીનો ઉપયોગ કરીને તે કંટાળી ગયો છે અને એપ સ્ટોરની પોલીસીને લઈને પણ તેણે ઘણાં સવાલ ઉઠાવ્યા હતા. જો રોગનની વાતમાં સહમતી દેખાડતા માર્ક ઝકરબર્ગે પણ કહ્યું હતું કે 'તેમની પોલીસી ખૂબ જ અલગ છે. સમજમાં નથી આવતું એપલ ક્યાં જઈ રહ્યું છે. તેઓ કેટલાક ટ્રાન્ઝેક્શન પણ ૩૦ ટકા સુધીનું ચાર્જ કરે છે.'માર્ક ઝકરબર્ગ મુજબ એપલ દ્વારા ઘણાં રિસ્ટ્રીક્શન લગાવવામાં આવ્યાં છે. આ રિસ્ટ્રીક્શનને કારણે ડેવલપરને એપ્લિકેશન બનાવવામાં ખૂબ જ તકલીફ પડે છે અને એથી જ જોઈએ એવી એપ્લિકેશન આઈફોન માટે નથી બની શકતી. આ નિયમોને કારણે એપ્લિકેશન જોઈએ એટલી સારી રીતે નથી બનતી. જો આ રિસ્ટ્રીક્શન હટાવી દેવામાં આવે તો એપલ દ્વારા પોતે જ એ એપ્લિકેશન આઈફોન માટે બનાવવામાં આવી હોય એ રીતે કામ કરી શકે છે. જોકે એપલ તેમના પ્રોટોકોલનો ઉપયોગ નથી કરવા દેતું અને આ સૌથી મોટું રિસ્ટ્રીક્શન છે.એપલની જી પોલીસીની પણ માર્ક ઝકરબર્ગ દ્વારા ખૂબ જ નિંદા કરવામાં આવી છે. આ પોલીસીને કારણે મેટા કંપનીને ખૂબ જ રિસ્ટ્રીક્શનમાં રહેવું પડે છે. જો આ નિયમને હટાવી દેવામાં આવે તો મેટા કંપની એડ્વર્ટાઈઝિંગ રેવેન્યુમાંથી હાલમાં જે પ્રોફિટ કરી રહ્યું છે એનાથી ડબલ પ્રોફિટ કરી શકે છે.માર્ક ઝકરબર્ગ દ્વારા એપલની સ્ટ્રેટેજીને લઈને સવાલો કરવામાં આવ્યાં છે. માર્ક ઝકરબર્ગનું કહેવું છે કે એપલ ફક્ત તેમની જ પ્રોડક્ટને ફેવર કરે છે અને એ જ તેમની પડતીનું કારણ બનશે. ટેક્નોલોજીની વાત હોય ત્યારે દરેક કંપનીએ ઈનોવેશન કરતાં રહેવું પડે છે. આ વિશે માર્ક ઝકરબર્ગે કહ્યું હતું કે 'એપલે છેલ્લા દસ વર્ષમાં કોઈ નવી વસ્તુ ઈનવેન્ટ નથી કરી.

## મહાકુંભમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા 'ચાયવાલે બાબા': ૪૧ વર્ષથી છે મૌન, શિષ્યોને બનાવે છે ઓફિસર

સંગમ નગરી પ્રયાગરાજમાં આગામી ૧૩ જાન્યુઆરીથી મહાકુંભ ૨૦૨૫થી શરૂ થવા જઈ રહ્યો છે. મહાકુંભની લગભગ બધી તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. પ્રયાગરાજ મહાકુંભમાં આવેલા 'ચાયવાલે બાબા' ખૂબ ચર્ચામાં જોવા મળી રહ્યા છે. 'ચાયવાલે બાબા'એ છેલ્લા ૪૧ વર્ષથી અન્ન-જળનો ત્યાગ કર્યો છે અને માત્ર ચા પર જ જીવે છે. આ ઉપરાંત બાબાએ જયારથી ચા પર જીવવાનું શરૂ કર્યું છે, ત્યારથી તેઓ મૌન ધારણ કરેલું છે. ચાયવાલે બાબાએ ૪૧ વર્ષથી મૌન ધારણ કરેલું છે. બાબાની ઓળખ માત્ર આટલા સુધી



મર્યાદિત નથી, પરંતુ તેઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારોને એક શિક્ષક તરીકે શીખવે છે. તેઓ ઉમેદવારોને નોટ્સ તૈયાર કરીને આપે છે. તેમના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં ઘણા વિદ્યાર્થીઓ અધિકારીઓ બન્યા છે. પરંતુ હવે પ્રશ્ન એ થાય છે કે, જો બાબાએ ૪૧ વર્ષથી મૌન ધારણ કરેલું છે, તો તેઓ ઉમેદવારોને કેવી રીતે શીખવે છે. તેઓ તેમને સિવિલ સર્વિસીસ માટે કેવી રીતે તૈયાર કરે છે અને મૌન વ્રતમાં માત્ર ચા પર જીવન જીવવા પાછળ તેમનો ખાસ સંકલ્પ શું છે ?

## સુરેન્દ્રનગરના ચુડામાં રમતા રમતા બે બાળકો પડયા કૂવામાં, સગા ભાઈ-બહેનના મોતની તપાસ તેજ

સુરેન્દ્રનગરના ચુડામાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ચુડાના વિજયનગરમાં આવેલા ભાડિયામાં કૂવામાંથી બે બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. કૂવામાં પડી જવાથી મૃત્યુ થનારા બે બાળકો સગા ભાઈ-બહેન હતા. બંને ભાઈ-બહેન ઘરની નજીક આવેલા કૂવા પાસે રમી રહ્યા હતા તે સમયે કૂવામાં પડી ગયા હોવાનો દાવો કરાઈ રહ્યો છે. બાળકો કઈ રીતે કૂવામાં પડ્યા તેને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ચુડાના વિજયનગર વિસ્તારમાં કૃણાલ અને રોશની કાવેઠીયા નામના ભાઈ-બહેનના કૂવામાંથી મૃતદેહ મળી આવ્યા હતા.

## મેં ટ્રમ્પને હરાવી દીધો હોત પરંતુ.', વિદાય ભાષણ પૂર્વે અમેરિકન પ્રમુખ બાઈડેનનો મોટો દાવો

અમેરિકાના પ્રમુખ પદ પરથી વિદાય લઈ રહેલા જો બાઈડેને તાજેતરમાં યોજાયેલી ચૂંટણી અંગે એક મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું હતુ કે, 'હું નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી અમેરિકાના પ્રમુખ પદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને હરાવી શક્યા હોત, પરંતુ ડેમોક્રેટિક પાર્ટીની એકતા ખાતર તેમણે ચૂંટણીની વચ્ચે જ મારી ઉમેદવારી પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો હતો.'અહેવાલો અનુસાર, શુક્રવારે (૧૦મી જાન્યુઆરી) વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદમાં જો બાઈડેનને પૂછવામાં આવ્યું હતું કે, 'શું તમને ચૂંટણી ન લડવાના તમારા



નિર્ણયનો અફસોસ છે ? શું તમને લાગે છે કે તમે ટ્રમ્પને તમારા ઉત્તરાધિકારી બનવાની સરળ તક આપી ?' આ સવાલના જવામાં જો બાઈડેને જણાવ્યું હતું કે, 'મને લાગે છે કે હું ડોનાલ્ડ ટ્રમ્પને હરાવી શક્યો હોત. જોકે, મને લાગે છે કે કમલા હેરિસ ટ્રમ્પને હરાવી શક્યા હોત. પરંતુ પક્ષને એક કરવું મહત્તવપૂર્ણ છે. જ્યારે પાર્ટીને ચિંતા હતી કે હું આગળ વધી શકીશ કે નહીં, ત્યારે મેં વિચાર્યું કે પાર્ટીને એક કરવી વધુ સારું રહેશે. જો કે મને લાગ્યું કે હું ફરીથી જીતી શકું છું.' ઉલ્લેખનીય છે કે, જૂન મહિનામાં એટલાન્ટામાં પ્રમુખ પદના ઉમેદવારો વચ્ચે થયેલી ચર્ચામાં ૮૨ વર્ષીય જો બાઈડેનનું પ્રદર્શન ખાસ નહોતું. ત્યારબાદ તેમના જ પક્ષના સભ્યોએ બાઈડેનના આ પદ માટેની રેસમાંથી ખસી જવાની કહ્યું હતું. જોકે બાદમાં જો બાઈડેને અમેરિકાના પ્રમુખ પદની રેસમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ કમલા હેરિસને ડેમોક્રેટિક પાર્ટી તરફથી પ્રમુખ પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. જો કે, તેમને ટ્રમ્પના હાથે હારનો સામનો કરવો પડયો.

## ખરાબ ફોર્મ બાદ વિરાટ કોહલી પ્રેમાનંદ મહારાજના દર્શને પહોંચ્યો, અનુષ્કા શર્માએ કહ્યું- અમને પ્રેમભક્તિ પ્રદાન કરો

છેલ્લા કેટલાક વર્ષોથી સ્ટાર કપલ તરીકે ઓળખાતા ભારતીય બેટર વિરાટ કોહલી અને અભિનેત્રી અનુષ્કા શર્માએ ઘણી ધાર્મિક યાત્રાઓ કરી છે. આ કપલ પ્રખ્યાત સંત પ્રેમાનંદ મહારાજથી લઈને નીમ કરોલી બાબાના કેંચી ધામ સુધીના અનેક ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ ચુક્યા છે. આ દરમિયાન હવે ફરી એકવાર સ્ટાર કપલ પ્રેમાનંદ મહારાજના દરબારમાં પહોંચ્યું હતું. વિરાટ કોહલી તેની પત્ની અનુષ્કા અને બાળકો સાથે પ્રેમાનંદ મહારાજને મળવા પહોંચ્યા હતા. આ દરમિયાન વિરાટ અને અનુષ્કા શર્માએ તેમને દંડવત પ્રણામ કર્યા હતા. અનુષ્કાએ સંત પાસેથી પ્રેમ અને ભક્તિના આશીર્વાદ માંગ્યા હતા. વૃંદાવન સ્થિતિ લોકપ્રિય સંત હિત પ્રેમાનંદ



ગોવિંદ શરણજી મહારાજના દર્શન અને આશીર્વાદ લેવા માટે દેશની ઘણી સેલિબ્રિટીઓ આવતી હોય છે. વિરાટ અને અનુષ્કા બીજી વખત પ્રેમાનંદ મહારાજના દર્શન કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે વિરાટ અને અનુષ્કાના ખબર અંતર પૂછ્યા. આ પછી અનુષ્કાએ કહ્યું હતું કે, 'ગઈ વખતે જ્યારે અમે આવ્યા હતા. ત્યારે અમારા મનમાં કેટલાક પ્રશ્નો હતા. ત્યારે મેન લાગ્યું કે હું સવાલ પૂછીશ પણ બેઠેલા લોકોએ મારે પૂછવો હતો એવો જ પ્રશ્ન પૂછ્યો હતો. જ્યારે હું અહીં આવી રહી હતી ત્યારે તમારી સાથે મારા મનમાં વાત કરી રહી હતી ત્યારે મારા મનમાં જે પણ સવાલો હતા તે બીજા દિવસે કોઈ ને કોઈ વ્યક્તિ તે સવાલો પૂછી લીધા હતા. તમે મને ફક્ત પ્રેમ અને ભક્તિ આપો.'

ત્યારબાદ પ્રેમાનંદ મહારાજે બંનેને આશીર્વાદ આપ્યા અને તેમની પ્રશંસા કરતા કહ્યું હતું કે, 'આ લોકો (વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા) ખૂબ બહાદુર છે. સંસારમાં આટલો યશ અને સન્માન પ્રાપ્ત કર્યા પછી ભક્તિ તરફ વળવું ખૂબ મુશ્કેલ હોય છે. ભક્તિથી ઉપર કંઈ નથી. જાપ કરો, ખુશ રહો. અને ખૂબ પ્રેમથી જીવો. ખૂબ ખુશીથી જીવો.'

તાજેતરમાં પૂર્ણ થયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં વિરાટ કોહલીએ શરમજનક પ્રદર્શન કર્યું હતું. તેણે પાંચ ટેસ્ટ મેચની નવ ઈનિંગ્સમાં ફક્ત ૧૯૦ રન બનાવ્યા હતા. વિરાટે ફક્ત પર્થ ટેસ્ટની બીજી ઈનિંગમાં સદી કરી હતી.

## કેનેડા બાદ બ્રિટનના વડાપ્રધાનને પાડી દેવાનો મસ્કનો પ્લાન! સિક્રેટ મીટિંગ કર્યાનો દાવો

: ટેસ્લાના સીઈઓ અને વિશ્વના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્ક હવે બ્રિટિશ રાજકારણમાં દખલગીરી કરી રહ્યાં છે. રિપોર્ટ અનુસાર મસ્કે બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરને પદ પરથી હટાવવા માટે પોતાના સહયોગીઓની સાથે ગુપ્ત ચર્ચા કરી છે.મસ્કે ઘણી વખત જાહેરમાં કીર સ્ટાર્મરથી રાજીનામાની માગ કરી છે. સ્ટાર્મર પર મસ્કના પ્રહારનું કારણ પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગ છે. જેના વિશે મસ્કનો દાવો છે કે જ્યારે સ્ટાર્મર ડાયરેક્ટર ઓફ પબ્લિક પ્રોસિક્યૂશન હતા ત્યારે તેમણે આ મામલે યોગ્ય કાર્યવાહી કરી નહોતી. મસ્કનો આરોપ છે કે '૨૦૦૮થી ૨૦૧૩ ની વચ્ચે સ્ટાર્મર ગોરી યુવતીઓ સાથે દુષ્કર્મ કરનાર પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગ સામે કેસ ચલાવવામાં નિષ્ફળ રહ્યા હતા.' મસ્કે પોતાના



સહયોગીઓની સાથે બ્રિટનમાં લેબર સરકારને અસ્થિર કરવા અને બીજા રાજકીય આંદોલનો માટો સમર્થન કરવાનું આયોજન બનાવ્યું છે. મસ્કનું માનવું છે કે પશ્ચિમી સભ્યતા જોખમમાં છે અને આ માટે તે બ્રિટનની વર્તમાન સરકારને જવાબદાર ઠેરવે છે.ઈલોન મસ્કે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના ચૂંટણી પ્રચારનું સમર્થન કર્યું હતું અને હવે તેઓ બ્રિટિશ રાજકારણમાં પણ પોતાનો પ્રભાવ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. મસ્કનું માનવું છે કે 'મારી મદદથી સત્તાનું પરિવર્તન શક્ય છે, જેમ કે તેમણે અમેરિકામાં ટ્રમ્પની જીતની સાથે સાબિત કર્યું છે.'બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરની સરકાર અત્યારે બેકફૂટ પર છે. આનું કારણ છે ઈલોન મસ્કના આરોપ. મસ્કના આરોપો બાદ વિપક્ષી કંઝર્વેટિવ પાર્ટીએ ઉત્તર ઈંગ્લેન્ડમાં બાળકો વિરુદ્ધ દાયકા જૂના યૌન શોષણના ગુનાની નવી રાષ્ટ્રીય તપાસની માગ કરી છે. મસ્કનો દાવો છે કે પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગના મામલે સ્ટાર્મરે પોતાના કાર્યકાળ દરમિયાન યોગ્ય કાર્યવાહી કરી નહોતી. પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગના નામથી જાણીતી આ ગેંગ ઉત્તર ઈંગ્લેન્ડના શહેરોમાં સક્રિય છે. તેમની પર આરોપ છે કે તે ગોરી બ્રિટિશ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવીને તેમનું યૌન શોષણ કરે છે. તેમને નશાની લત લગાવે છે અને તેમનું જીવન બરબાદ કરે છે. આ ગેંગના મોટાભાગના સભ્ય પાકિસ્તાની મૂળના છે. ઈલોન મસ્કના આરોપો બાદ કન્ઝર્વેટિવ પાર્ટીએ આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માગ કરી છે. પાર્ટીનું કહેવું છે કે 'બાળકો વિરુદ્ધ યૌન શોષણના મામલો ગંભીરતાથી લેવો જોઈએ અને આ માટે એક નવી રાષ્ટ્રીય તપાસની જરૂર છે.

## તંત્રી લેખ...

# કંપનીઓની ત્રીજા ત્રિમાસિકની કામગીરી એકદરે નબળી જોવા મળે તેવી વકી

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે ત્રિમાસિકમાં નબળા દેખાવ બાદ ભારતીય કંપનીઓની ત્રીજા ત્રિમાસિક ગાળાની કામગીરી પણ નબળી જોવા મળવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં કંપનીઓની રેવેન્યુ તથા અર્નિંગ્સમાં એક અંકમાં વૃદ્ધિ જોવા મળશે. વિવિધ બ્રોકરેજ પેઢીઓ દ્વારા મુકાયેલા અંદાજ પ્રમાણે ડિસેમ્બર ત્રિમાસિકમાં નિફટી૫૦ કંપનીઓના સંયુકત નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૭.૯૦ ટકા વૃદ્ધિ જોવા મળશે. જે વર્તમાન નાણાં વર્ષના ત્રણ ત્રિમાસિક ગાળામાં સૌથી ઊંચી હશે. વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિ દર ૧.૮૦ ટકા રહ્યો હતો જ્યારે નાણાં વર્ષ ૨૦૨૪ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં સંયુકત નેટ પ્રોફિટમાં ૧૫.૪૦ ટકા ઘટાડો જોવા મળ્યો હતો. નિફટી૫૦ કંપનીઓના સંયુકત નેટ વેચાણમાં વાર્ષિક ધોરણે ૫.૧૦ ટકા વૃદ્ધિ જોવા મળશે જે બીજા ત્રિમાસિક ગાળામાં જોવા મળેલી ૪.૫૦ ટકાની સરખામણીએ સાધારણ ઊંચી છે. ગયા નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં આ વૃદ્ધિ ૫.૪૦ ટકા રહી હતી, એમ એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.રિસર્ચ પેઢી દ્વારા ૫૦માંથી ૪૮ કંપનીઓના પરિણામોના અંદાજને ધ્યાનમાં લઈ નેટ પ્રોફિટની ધારણા રૂપિયા ૧.૯૭ ટ્રિલિયન મૂકી છે જે બીજા ત્રિમાસિક ગાળામાં રૂપિયા ૧.૮૮ ટ્રિલિયન રહ્યો હતો અને ગયા નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં નેટ પ્રોફિટ રૂપિયા ૧.૮૩ ટ્રિલિયન રહ્યો હતો.

# રાજપીંપળા ખાતે વાર્ષિકોત્સવ યોજાયો



રાજપીપલા ખાતે માન.મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર જીની અધ્યક્ષતામાં શ્રી ભરૂચ જિલ્લા આદિવાસી સેવાસંઘ કેળવણી મંડળ સંચાલિત શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિધાલય દ્વારા આયોજિત "વાર્ષિક મહોત્સવ ૨૦૨૪-૨૫" માં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ સુંદર કૃતિઓ નિહાળી, તેમને પ્રોત્સાહિત કર્યા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી શાળા તથા કૉલેજના કાર્યો ને બિરદાવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા વિવિધ શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિઓ તથા શિક્ષકગણોને જણાવ્યું કે આપણી શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ભવિષ્ય આપણા હાથમાં છે, તમામ શૈક્ષણીક સંકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ડોક્ટર, એન્જીનીયર તથા આદર્શ શિક્ષક બને તેમજ જીલ્લાના યુવાનો ક્લાસ ૧ તથા ક્લાસ ૨ અધિકારી બને તે મુજબનું શિક્ષણ આપવું એ આપણા સૌની ફરજ છે.મંત્રી કુબેરભાઈ ડિંડોરજી એ જણાવ્યું કે આદિવાસીઓને યોગ્ય વ્યવસાયલક્ષી શિક્ષણ અને માર્ગદર્શન આપવાની જરૂર છે અને અલગતાવાદી પરિબળો થી દુર રહી અખંડ ભારતના નિર્માણમાં આપણે સૌ સહયોગ કરીએ તેવું આહવાન કર્યું.

# વક્તાપુર નજીક ટ્રેનની અડફેટે આધેડનું મોત

અમદાવાદ-ઉદેપુર બ્રોડગેજ રેલ્વે લાઈન ઉપર આવેલ તલોદના વક્તાપુર નજીક રેલ્લે લાઈન ક્રોસ કરવા જતાં અજાણ્યા આધેડ ટ્રેનની અડફેટમાં આવી જતાં ગંભીર રીતે ઘવાયેલ આ આધેડનું કણસતી હાલતમાં કરૂણ મોત નિપજ્યું હતુ.જે બનાવ અંગે તલોદ રેલ્વે અધિકારી પ્રિજેન્દ્ર કીશોરી જોગીની ફરિયાદને આધારે તલોદ પોલીસે જાણવાજોગ નોધ લઈ મૃતકની ઓળખવિધી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

# દેશનું માથું શરમથી ઝૂકાવે તેવી ઘટના, ૬૪ લોકોએ સગીરાને બનાવી હવસનો શિકાર



કેરળમાં દેશનું માથું શરમથી ઝૂકાવે દે તેવી ઘટના સામે આવી છે. કેરળના પથાનમથિટ્ટા જિલામાં અલગ-અલગ જગ્યાએ દલિત સગીરાનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. ક્રૂરતાનો આ ખેલ ૪ વર્ષ સુધી ચાલ્યો અને આ દરમિયાન ૬૪ લોકોએ આ યુવતીને પોતાની હવસનો શિકાર બનાવી. આવી સ્થિતિમાં, છોકરી માનસિક આઘાતમાં સપડાઈ ગઈ નાને બધા જ પુરુષોમાં તેને શેતાન દેખાવા લાગ્યો. તેમજ તેનો વિશ્વાસ તૂટી ગયો હતો, પરંતુ અંતે ૧૮ વર્ષની ઉંમરે તેણે હિંમત કરીને શાળાના કાઉન્સેલિંગમાં પોતાની દર્દનાક કહાની સંભળાવી, જેનાથી લોકો ગુસ્સે થઈ ગયા. આ મામલે પોલીસે અત્યાર સુધીમાં ૬૪ લોકોની ધરપકડ કરી છે. પોલીસનું કહેવું છે કે હજુ કેટલાક લોકોની ધરપકડ કરવાની બાકી છે. સગીરાએ જણાવ્યું કે વર્ષ ૨૦૧૯માં મારી માત્ર ૧૩ વર્ષની ઉંમરે મારી સ્કૂલમાં ભણતા એક છોકરાએ મારું પહેલીવાર યૌન શોષણ કર્યું હતું.

# અરવલ્લી ખાતે ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટીની બેઠક યોજાઈ






અરવલ્લી જિલ્લામાં ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી(દિશા)ની બેઠક સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાજી ના અધ્યક્ષ સ્થાને મોડાસા ખાતે યોજાઈ હતી.આ બેઠકમાં સાંસદ દ્વારા અનેક યોજનાકિય લાભ લાભાર્થીઓ સુધી પોહચે તે માટે સુચારુ આયોજન કરવા અનુરોધ કરવામાં આવ્યો,પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસની યોજનાને સાંકળી વધુને વધુ લોકોને રોજગારી પ્રાપ્ત થાય એ માટે વિવિધ સૂચનો કર્યો હતા. જિલ્લામાં સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ અન્વયે કુપોષણ નાબૂદી તેમજ પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા જાળવણી તરફના કાર્યક્રમોને વધુને વધુ વેગવાન બનાવવા તેમજ સબકા સાથ સબકા વિકાસના સૂત્રને ચરિતાર્થ કરવા માટે તમામ વિસ્તારોમાં પાયાની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવુ ખૂબ જ જરૂરી છે.કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના તમામ નાગરિકો સુધી મળી રહે તે દિશામાં આયોજન કરી પાયાની જરૂરિયાતોને આપી તે દિશામાં કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો.વિકાસકામોના સુદ્રઢ અમલીકરણ માટે આ બેઠક અતિ મહત્વપૂર્ણ છે ત્યારે જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ થતી સમસ્યા અને સૂચનોને અધિકારીઓ પરસ્પર સંકલન રાખી બનતી ત્વરાએ નિવારણ લાવે તેમજ પ્રગતિ હેઠળના કામોને સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓની તલસ્પર્શી વિગતો લેખિત કે મૌખિક સ્વરૂપે જરૂરિયાતમંદ તમામ લોકો સુધી પહોંચે એ માટે તમામ વિભાગો સક્રિયતા દાખવે એમ ભારપૂર્વક જણાવ્યું હતું. સાંસદએ જણાવ્યું કે, સરકારી સંસાધનોનો અને મશીનરીનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને જનજન સુધી સુખાકારીના કામો સુચારૂ રીતે થાય તે બાબતે અધિકારીઓને સૂચન સહ માર્ગદર્શન કર્યું હતું.આ બેઠકમાં સાંસદની ઉપસ્થિતિમાં કરુણા અભિયાન ખુલ્લુ મુકાયું અરવલ્લી જિલ્લાના વન ખાતા દ્વારા ઉતરાયણ પર્વને ધ્યાને રાખી પતંગની દોરીથી ઘાયલ થતાં અબોલા પશુ અને પક્ષીઓ બચાવવા કરુણા અભિયાન ખુલ્લુ મૂકવામાં આવ્યું. તેમજ પાલનપુર મોડાસા, ગડાદર ભિલોડામાં સ્વામિત્વ યોજના અંતર્ગત ર ગામના પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું.

તેમજ જિલ્લા પંચાયતની માહીતી અંગે વોટ્સઅપ ચેનલ ખુલ્લી મૂકવામાં આવી,જિલ્લા પંચાયતની વિવિધ યોજનાઓની પ્રજાલક્ષી માહીતી અંગે વોટ્સઅપ ચેનલ ખુલ્લી મૂકવામાં આવી.તેમજ જિલ્લા સમાજ કલ્યાણ, જિલ્લા પંચાયત – અરવલ્લી ધ્વારા કુંવરબાઈનું મામેરું યોજનાના એક લાભાર્થીને મંજૂરી આદેશનું વિતરણ કરવામાં આવ્યું દિશાની બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, શોકપીઠ,સેગ્રીગેશન શેડ, મધ્યાહન ભોજન યોજના, આત્મા પ્રોજેક્ટ, સોઈલ હેલ્થ કાર્ડ, સર્વ શિક્ષા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ, પોસ્ટ વિભાગની સુકન્યા સમૃદ્ધિ યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક, સાંસદ આદર્શ ગ્રામ, રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન, ગ્રામીણ કૌશલ્ય યોજના, ઈ-શ્રમ યોજના જેવી વિવિધ યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી.જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી અને ઇન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટરએ બેઠકનું સંચાલન કર્યું હતું, જે સંદર્ભે સબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓએ દરેક યોજનાઓમાં થયેલી કામગીરી રજૂ કરી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેન ડામોર, ધારાસભ્ય પી.સી.બરંડા,જિલ્લા કલેકટર પ્રશસ્તિ પારિક, જિલ્લા વિકાસ અધિકારી દીપેશ કેડિયા,તા. પંચાયતના પ્રમુખો, વિવિધ સમિતિઓના સદસ્યો તેમજ સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડ પ્રાંત અધિકારી પ્રાકૃતિક ખેતીની મુલાકાત લીધી



બાયડ પ્રાંત અધિકારી એ આજ રોજ પરમેશ્વર પ્રાકૃતિક ફાર્મ, જેમાં હળદર,શાકભાજી,પપૈયા તેમજ જંગલ પધ્ધતિથી ખેતી કરવામાં આવે છે જેની મુલાકાત લઈ ખેડુત ધ્વારા ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ ઓર્ગેનિક પધ્ધતિઓ તેમજ ખેતીમાં પડતી મુશ્કેલીઓ અંગેની ચર્ચા કરી ઉત્પાદનના માર્કેટિંગ જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.

# તેતરીયા પ્રા. શાળાનું રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ઝાલોદ તાલુકાની તેતરીયા ગામની પ્રા.શાળાના બાળકોએ તાજેતરમાં યોજાયેલ રમત-ગમત સ્પર્ધામાં ખો-ખો,કબડ્ડી,દોડ,ચક્ર ફેંક,બ્રોડ જંપ,લાંબી કૂદ,ઉંચી કૂદ સહિતની વિવિધ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી શાળાનું નામ રોશન કરવા બદલ સર્વે વિદ્યાર્થી ભાઈ-બહેનોને શાળા,પરિવાર,અને ગ્રામજનો અભિનંદન પાઠવ્યા હતા.



# શ્રીમદ ભાગવત કથામાં શ્રધ્ધાનો સાગર...

ગાંધીનગર સરગાસણ ખાતે શ્રીમદ ભાગવત કથામાં વ્યાસપીઠ પરથી વક્તા ભારતી બાપુ( સુંદરધામ) આગવી શૈલીમાં રજૂ થતાં પ્રસંગોથી શ્રાવકો ભાવ વિભોર બન્યા છે.કથાનું આયોજન નિલકંઠ આનંદ ગરબા મંડળ અને પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે દુર દુર થી ભાવિક ભક્તો કથા શ્રવણ માટે આવી રહ્યા છે.કથામાં ગઢસીસા કચ્છના વંદનીય ચંદુ માતાજી પધાર્યા અને સૌને આશીર્વાદ આપ્યા હતા. નરોડા, બોપલ, રાયસણ, બાલવા, બોપલ વગેરે આનંદ ગરબા મંડળ ઉપસ્થિત રહી કથા શ્રવણ કરી પૂજ્ય ભારતી બાપુના આશીર્વાદ મેળવી ધન્ય થયા.કથા આયોજક શ્રી હિંમતભાઈ, જગદીશભાઈ, વર્ષાબેન, કમળાબેન અને એમની ટીમ તથા આ ટીપી ૯ ના રહીશો સૌ સાથે મળીને આવા ધાર્મિક ઉત્સવ ઊજવવા સતત પણે તત્પર હોય છે. એક શામ વડીલો કે નામ અંતર્ગત સ્થાનિક ખ્યાતનામ કલાકારો દ્વારા સંગીત જલસો થયો તેમજ ગરબા સ્પર્ધા થઈ... સભા સ્થાનેથી કલાકારો ને પુરસ્કૃત કરી ધન્યતા અનુભવી હતી.

# પાળીયાદ ખાતે પો.સ્ટે ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ઉતરાયણ તહેવાર અનુસંધાને જાહેરનામાની અમલવારી કરવા માટે પતંગ/દોરી વેચનાર વેપારીઓ સાથે પાળીયાદ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મીટીંગ પો.સ્ટેના પીઆઈ પી.ડી.વાંદા ની અધ્યક્ષતા હેઠળ શાંતિ સમિતિ ની મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પાળીયાદ પોલીસ સ્ટેશન વિસ્તારના પતંગ વેચનાર વેપારીઓ અને અન્ય આગેવાનોને પો.સ્ટે.ખાતે મીટીંગમા હાજર રહેલ હતા. આ ઉત્તરાયણ તહેવારમા દરેક ગામડાઓમા શાંતિનો માહોલ જળવાય રહે તે સારૂ જરૂરી સમજ આપવામા આવેલ તથા ઉતરાયણ તહેવાર અનુસંધાને સરકારશ્રીના



જાહેરનામામા થઇ આવેલ સુચનાઓ મુજબ અમલવારી થાય અને સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ ઉત્તરાયણ તહેવાર ની ઉજવણી કરવા જરૂરી સુચનાઓથી વાકેફ કરી માર્ગદર્શન આપવામા આવેલ તથા દરેક વેપારીઓને ચાઈનીઝ માંજા/પ્લાસ્ટીક દોરી/ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ /ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુકકલ) ના ઉત્પાદન,સંગ્રહ ,વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ફતેપુરા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર લાંચ લેતા ઝડપાયા

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર અને સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા મંથન જીવાભાઈ પરમારને એસીબીએ લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડયા છે.એક જાગૃત નાગરિકે સોલવંશી દાખલો મેળવવા માટે અરજી કરી હતી, જેમાં અધિકારીએ ૫૦૦૦ની લાંચની માગણી કરી હતી.પરંતુ એક મહિના સુધી કોઈ પ્રતિસાદ ન મળતા તેઓ ફરીથી કચેરીએ ગયા હતા. સર્કલ ઓફિસરે પહેલા કાગળો ખોવાઈ ગયા હોવાનું જણાવ્યું અને પછી ૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ નવી અરજી સાથે ?૫૦૦૦ લાવવાનું કહ્યું હતું.જાગૃત નાગરિકે લાંચ




આપવાને બદલે મહીસાગર એસીબી પોલીસનો સંપર્ક કરતા પીઆઈ એમ.એમ. તેજોતની આગેવાની હેઠળ એસીબીએ છટકું ગોઠવ્યું અને નાયબ મામલતદારને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યાની ઘટના બહાર આવતા લાંચ લઈને કામકાજ કરતા ભ્રષ્ટ સરકારી કચેરીના કર્મચારી,અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું